પ્રાપ્તિ તારીખ	૧૧	૦૩	૨૦૧૫
નોંધ્યા તારીખ	૧૧	૦૩	૨૦૧૫
ફેસલ તારીખ	૨૭	૦૧	૨૦૨૩
અવધિ	વર્ષ	માસ	દિવસ
	૦૭	૧૦	૧૬

મે. વલસાડ ખાતેના મજુર અદાલત નં.૩ના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી એમ.એલ.ચોથાણી સાહેબ સમક્ષ, મુ. વલસાડ.

રેફરન્સ (એલ.સી.વી.) નં. ૩૭/૨૦૧૫.
આંક:-૩૦.

પ્રથમ પક્ષકાર:- એમ. એમ. ટેકનો એન્જીનીયરીંગ,
સર્વે નંબર ૪૫૫, દેસાઈ ફળીયા,
પરિયા, તા. પારડી,જી.વલસાડ.

-: વિરૂધ્ધ :-

બીજા પક્ષકાર:- શ્રી અચ્છેલાલ છેદી વિશ્વકર્મા,
રિધ્ધિ સિધ્ધી કોમ્પ્લેક્ષ, ફલેટ નં.૩૦૭,
મહાદેવનગર, પો.છીરી,
તા.વાપી, જી.વલસાડ.

....

પ્રતિનિધિઓ:-
પ્રથમ પક્ષકાર તરફે :- વિદ્વવાન વકીલશ્રી શ્રીકાંત પુરોહીત, જીજ્ઞેશ પુરોહીત.
બીજા પક્ષકાર તરફે :- વિદ્વવાન યુનિયન પ્રતિનિધિશ્રી રામસુરત પ્રજાપતિ

....

-: એવોર્ડ :-

(૧)આ કામમાં પક્ષકારો વચ્ચેના ઔદ્યોગિક વિવાદ આઈ.ડી.એકટની કલમ-૧૦(૧)સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડ તરફથી હુકમ ક્રમાંક:કે.એચ.એસ.એસ.એચ.એમ.સી./૧૫૪૪ /એ.જે./આઈ.ડી.આર./એફ.૩૦/૨૦૧૫ તા.૦૯/૦૩/૨૦૧૫ના રોજ મજુર અદાલત, વલસાડ ને ન્યાય નિર્ણય અર્થે બીજા પક્ષકારને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુન: સ્થાપિત કરવા કે કેમ ? તે માટે રીફર કરવામાં આવેલ છે.

(૨)આ રેફરન્સની અનુસુચિ પ્રમાણે બીજા પક્ષકારશ્રી અચ્છેલાલ છેદી વિશ્વકર્માને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોનાં પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુન:સ્થાપિત કરવા કે કેમ ? તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

(૩) આ કામનાં પક્ષકારોને આંક–૦૨ થી નોટીસ કરતા નોટીસની બજવણી અનુક્રમે પ્રથમ પક્ષકારને થયેલ છે અને રજી.એ.ડી. એકનોલેજમેન્ટ આંક–૦૩ થી પરત આવેલ છે, બીજા પક્ષકારની નોટીશનું બંધ કવર આંક–૪ થી પરત આવેલ છે. બીજા પક્ષકાર તરફે આંક–૦૬ થી યુનિયન પ્રતિનિધીશ્રી રામસુરત પ્રજાપતિનું અધિકાર પત્ર રજુ કરેલ છે અને પ્રથમ પક્ષકાર કંપની તરફે આંક–૦૮ થી વિદ્વવાન વકીલશ્રી શ્રીકાંત પુરોહીત અને જીજ્ઞેશ પુરોહીતનું વકીલ પત્ર રજુ થયેલ છે

(૪)બીજા પક્ષકાર તેમનાં આંક–૦૫ નાં માંગણા નિવેદનમાં જણાવે છે કે, બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર કંપનીમાં તા.૦૧/૦૫/૨૦૦૬ થી ફોરમેનના હોદ્દા ઉપર છેલ્લા રોજીંદા રૂ.૫૧૩/–નાં પગારથી કામ કરતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થામાં આશરે ૫૦ થી વધારે કામદારો વર્ષોથી ફરજ બજાવતા આવેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને તમામ મજુર કાયદાઓ જેવા કે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭, પેમેન્ટ ઓફ વેજીસ એકટ, ફેકટરી એકટ, મિનિમમ વેજીસ એકટ, ગ્રેજયુઈટી એકટ, પ્રોવિડન્ટ ફંડ એકટ, બોનસ એકટ, વર્કમેન કોમ્પેનસેશન એકટ અને સ્ટેન્ડીંગ ઓડર્સ વગેરે તમામ કાયદાઓ લાગુ પડે છે. તેમ છતાં પ્રથમ પક્ષકારે તેનું પાલન ન કરી મજુર કાયદાનો સરીયામ ભંગ કરેલ છે. બીજા પક્ષકાર પાસે રોજ બરોજ ૧૨–૧૨ કલાક સુધી કામો લેવામાં આવતું હતું. બીજા પક્ષકાર તેઓની ફરજ ખંત, વફાદારીથી અને મહેનતથી બજાવતા હતા. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર કામદારને પગાર સિવાય બીજા કોઈ લાભો આપતા ન હતા તેમજ કાયદા મુજબ પગારની ચુકવણી કે અન્ય લાભો પણ આપતા ન હતા. બીજા પક્ષકારને આઈ.કાર્ડ, હકક રજા કાર્ડ, હકક રજા પગાર વગેરે પણ આપતા ન હતા. જે બાબતે બીજા પક્ષકારે સંસ્થાના શેઠશ્રી ચંપકભાઈ એમ.પટેલ પાસે અનેકવાર મૌખિક રીતે માંગણી કરેલ પરંતુ આપેલ નથી. તેઓ બીજા પક્ષકાર ઉપર કિન્નાખોરી રાખતા હતા. બીજા પક્ષકારને તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજ ફરજ ઉપર હાજર થયેલ ત્યારે પ્રથમ પક્ષકાર સંસ્થાના શેઠશ્રી ચંપકભાઈ એમ.પટેલે ઓફીસમાં બોલાવી જણાવેલ કે, '' જયાં વધારે પગાર મળે ત્યાં કામ શોધી લો અમોને તમારી જરૂર નથી.'' આમ કોઈપણ જાતના વાજબી કારણવિના, કોઈપણ જાતની નોટીસ, ચાર્જશીટ કે ખાતાકીય તપાસ કર્યા વિના, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ, સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈ વિરૂધ્ધ, ગેરવ્યાજબી, ગેરકાયદેસર રીતે તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજથી મૌખિક હુકમથી પ્રથમ પક્ષકાર સંસ્થાના શેઠશ્રી ચંપકભાઈ એમ.પટેલે છુટા કરેલ છે. ત્યારબાદ બીજા પક્ષકાર કામદાર રાબેતા મુજબની ફરજના સમયે રોજેરોજ ફરજ ઉપર હાજર થવા ગયેલ. પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થાના શેઠશ્રીએ જણાવેલ કે ''અમો બીજા કામદારને રાખી લીધેલ છે તમારી જરૂર નથી'' આમ જણાવી બીજા પક્ષકાર કામદારને ફરજ ઉપર લીધેલ નથી કે કોઈ હકક હિસ્સાની રકમની ચુકવણી પણ કરેલ નથી તેમ કરી સંસ્થાએ મજુર કાયદાનો સરીયામ ભંગ કરેલ છે. બીજા પક્ષકાર કાયમી કામદાર હોવા છતાં તેઓને નોકરીમાંથી છુટા કરતા પહેલા બચાવની કોઈ વ્યાજબી તક, સ્ટેન્ડીંગ ઓડર્સ અને કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર આપવામાં આવેલ નથી. કોઈ ચાર્જશીટ કે તેઓ વિરૂધ્ધ કોઈ બનાવ સબંધમાં ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. તેઓને નોકરીમાંથી છુટા કરતી વખતે કોઈ નોટીસ કે નોટીસ પગાર અને છટણી વળતર આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ) ની જોગવાઈ પ્રમાણે આપવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કામ કરેલા દિવસો માહે નવે–૨૦૧૪ ના પગારની ચુકવણી પણ આજ દિન સુધી કરેલ નથી. તેમ કરી પ્રથમ પક્ષકાર સંસ્થાએ મજુર કાયદાનો સરીયામ ભંગ કરેલ છે. તેમજ ભારતીય બંધારણના આર્ટીકલ ૧૪ અને ૨૧ વિરૂધ્ધના બીજા પક્ષકારના રાઈટ ઓફ લાઈવલીહુડના ફન્ડામેન્ટલ હક ઝુંટવી લેતો હુકમ હોય તે રીતે પણ તેવો હુકમ શરૂઆતથી જ નલ એન્ડ વોઈડ હુકમ ગણાય તેમજ ગરીબ કામદારને નોકરી વગરના કરી આર્થિક રીતે પાયમાલ કરનારૂં છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છુટા કર્યા ત્યારબાદ બીજા પક્ષકાર રોજેરોજ પ્રથમ પક્ષકાર પાસે કામની માંગણી કરવા જતા પરંતુ તેઓએ કામદારને સંસ્ગામાં પ્રવેશ આપતા ન હતા કે કામ પણ આપતા ન હતા. જેથી બીજા પક્ષકારે યુનિયન મારફતે પ્રથમ પક્ષકારને

તા.૧/૧૨/૨૦૧૪ ના રોજ નોટીસ મોકલેલ. જે નોટીશ પ્રથમ પક્ષકારને મળેલ હોવા છતાં તેનો કોઈ જવાબ આપેલ નથી કે બીજા પક્ષકારને ફરજ ઉપર લીધેલ નથી. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરતા બીજા પક્ષકારે મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) હેઠળ ફરીયાદ કરેલ. મદદનીશ શ્રમ આયુકતશ્રીની નોટીસ મળ્યાબાદ પ્રથમ પક્ષકાર ત્યાં હાજર થઈ ખોટો જવાબ આપેલ પરંતુ તેઓને કામે રાખેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાના જકકી વલણના કારણે સમાધાન શકય ન બનતા સદર વિવાદ અત્રેની અદાલત સમક્ષ રેફરન્સ થયેલ છે. કંપનીએ કામદારને નોકરીમાંથી છુટા કર્યા બાદ કામદારે બીજે અનેક સ્થળોએ કામ મેળવવા પ્રયત્ન કરેલ હોવા છતાં બીજે કામ મળેલ નથી. કામના અભાવે કામદાર તથા તેમના કુટુંબીજનોને ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહેલ છે. કામદાર હાલ બેકાર છે. કામદારને કંપની ફરજ ઉપર રાખે તો કામદારે આજે પણ ફરજ ઉપર જવા તૈયાર છે. કામદારને આજદિન સુધી બીજે કોઈ જગ્યાએ કાયમી નોકરી ન મળવાથી તેઓના પરીવાર છીન્ન–ભીન્ન થઈ ગયેલ છે તેઓના છોકરાઓનું ભણતર પણ બેકાર થઈ રહેલ છે. અને ભારે યાતનાઓ સહન કરવી પડી રહેલ છે. કામદારને છુટા કર્યાબાદ કંપનીએ તેમની જગ્યાએ બીજા નવા કામદારોને કામે રાખી તેમનું કામ કાજ ચાલુ રાખેલ છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારની નોકરીમાં સળંગ સર્વિસથી પડેલા દિવસોનાં પુરેપુરા પગાર સાથે તેમજ અન્ય તમામ આનુસાંગિક લાભો સહીત નોકરીમાં પુન:સ્થાપિત થવા દાદ માંગેલ છે.

(૫)આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૧૦ થી બચાવ રજુ કરેલ છે જેમાં બીજા પક્ષકારની મહત્તમ હકીકતોનો ઈન્કાર કરેલ છે. બીજા પક્ષકારનું માંગણાનું નિવેદન ખરૂં અને કાયદેસરનું નથી, જણાવેલ તમામ ઈબારતોનો પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી ભારપુર્વક ઈન્કાર કરવામાં આવે છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા વિરૂઘ્ધ હાલનો રેફરન્સ કેસ કરવા કોઝ ઓફ એકશન વગરનો હોય. બીજા પક્ષકારે માંગણાના નિવેદનમાં જણાવેલ છુટા કર્યા તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજ નોકરીમાંથી છુટા કરવા અંગેનો કોઈ મૌખિક હુકમ આપેલ ન હતો કે નથી. બીજા પક્ષકારને તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી સુખસદ કે બરતરફ કરેલ નથી કે 'છટણી' પણ કરેલ નથી કે બીજા પક્ષકારની બીજી કોઈપણ રીતે સેવા સમાપ્તિ બાબતેનો કોઈ લેખિત કે મૌખિક હુકમ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આપવામાં આવેલ ન હતો કે નથી. હકીકતમાં ઔઘોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૨(એ) મુજબ બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે કહેવાતી છુટા કર્યા તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજ કોઈ જ ઔઘોગિક તકરાર કે મતભેદ ઉભા થયેલ ન હતા કે અસ્તિત્વ ધરાવતા ન હતા. જે હકીકતમાં બીજા પક્ષકારને હાલનો રેફરન્સ કેસ મુળથી જ ખોટો, ગેરકાયદેસર, ગેરવ્યાજબી હોય તે કાયદેસર રીતે પ્રથમ પક્ષકાર સંસ્થા વિરૂઘ્ધ ચાલી શકે તેમ નથી. બીજા પક્ષકારે તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજથી સ્વૈચ્છાએ કામ પર આવવાનું બંધ કરેલ. પ્રથમ પક્ષકાર કદી બીજા પક્ષકારને નોકરીમાં હાજર થવા માટે અગાઉ તા.૧/૧૨/૨૦૧૪ તથા તા.૬/૪/૨૦૧૫ ના રોજ રજી.એ.ડી. પોસ્ટ મારફતે પત્ર મોકલેલ હતા. તેમ છતાં બીજા પક્ષકાર નોકરી ફરજ ઉપર હાજર થયેલ નથી. જે હકીકતમાં બીજા પક્ષકારનો રેફરન્સ મુળથી જ ખોટો, ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અપરિપકવ યાને પ્રિમેચ્યોર હોય. બીજા પક્ષકારની છુટા કર્યા તારીખના એક વર્ષ અગાઉ ઔઘોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૨૫(બી) મુજબ સળંગ ૨૪૦ દિવસ નોકરીની ફરજ બજાવેલ નથી. ખરી હકીકત એવી છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં હોઈસ, ઈ.ઓ.ટી. અને એચ.ઓ.ટી. ક્રેન, લીફટ મટીરીયલ હેન્ડલીંગ ઈકવીપમેન્ટ તથા બીલ્ડીંગ તૈયાર કરવા માટેનો સામાન વગેરેનું ઉત્પાદન કરવમાં આવે છે તથા તે કામ જોબવર્ક મારફતે કરવામાં આવે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને લાગુ પડતા મજુર કાયદાનું પાલન કરવમાં આવે છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧/૮/૨૦૧૪ થી નોકરીની ફરજ બજાવે છે. કોઈ પણ જાતના કારણ વગર તા.૨૧/૧૧/૨૦૧૬ ના રોજથી કોઈપણ જાતના કારણ વગર સ્વૈચ્છાએ પોતાની ફરજ ઉપર

આવવાનું બંધ કરેલ હતુ. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી કામદારના ઘરના સરનામે ફરજ ઉપર હાજર થવા તા.૧/૧૨/૨૦૧૪ ના રોજ રજી.એડી. પત્ર મોકલાવેલ હતો. તેમ છતાં બીજા પક્ષકાર ત્યારબાદ સંસ્થામાં હાજર થયેલ ન હતા. બીજા પક્ષકારને નોકરીમાં પુન:સ્થાપિત કરવા ખુશી અને તૈયાર હોવાની હકીકતો જણાવેલ હતી. તેમ છતાં કામદાર નોકરીની ફરજ ઉપર હાજર થયેલ નહી. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી ફરીથી તા.૬/૪/૨૦૧૫ ના રોજ ફરીથી પત્ર લખેલ, પરંતુ બીજા પક્ષકાર નોકરી કરવા ઈચ્છતા હોય તો આજે પણ નોકરીમાં રાખવા ખુશી અને તૈયાર છે. બીજા પક્ષકાર હાલનાં રેફરન્સનાં કામે કોઈપણ દાદ માંગવા કે મેળવવા હકકદાર બનતા નથી જેથી બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ ખર્ચ સહીત રદૃ કરવા જવાબમાં જણાવવામાં આવેલ છે.

(૬)આ કામનાં બીજા પક્ષકાર કામદાર તરફે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

–: બીજા પક્ષકારનો મૌખિક પુરાવો :–

૧.	આંક–૧૨	બીજા પક્ષકારશ્રી અચ્છેલાલ છેદી વિશ્વકમાનું સરતપાસનું સોગંદનામુ.

–: બીજા પક્ષકાર તરફે આંક–૦૭ થી રજુ દસ્તાવેજી પુરાવો :–

ક્રમ	આંક/ નિશાની	વિગત	તારીખ
૧.	૭/૧	બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને રજી. એ.ડી. થી મોકલેલ માંગણાનાં નિવેદનની નકલ જે પ્રથમ પક્ષકારને મળી જતા પરત આવેલ એકનોલોજમેન્ટ.	––

–: બીજા પક્ષકાર કામદારનો આંક–૧૧, ૧૬ થી દસ્તાવેજી પુરાવો :–

ક્રમ	નિશાની	દસ્તાવેજની વિગત	તારીખ
૧.	૨૨	બીજા પક્ષકારના યુનિયને પ્ર.પ.ને લખેલ પત્રની નકલ.	૦૧/૧૨/૨૦૧૪
૨.	૧૧/૨	નિ.૧ નો પત્ર પ્ર.પ. ને મળી જતા પરત આવેલ એકનોલેજમેન્ટની નકલ.	–––
૩.	૨૩	કંપની આપેલ પ્રમોશન લેટરની નકલ.	૧૧/૧/૨૦૧૩
૪.	૨૪	કંપની આપેલ સર્ટીફીકેટની નકલ.	–––
૫.	૧૬/૧	બી.પ. ના બેંક પાસબુકની નકલ.	–––
૬.	૧૬/૨	બી.પ.ના આધાર કાર્ડની નકલ.	–––
૭.	૧૬/૩	બી.પ. ના પાન કાર્ડની નકલ.	–––

(૭)આ કામે પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

–: પ્રથમ પક્ષકારનો મૌખિક પુરાવો :–

૧.	પ્રથમ પક્ષકારનાં સાહેદ મનોજ ચંપકલાલ પટેલનું સરતપાસનું સોગંદનામુ.	આંક–૨૦

–: પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૩ થી દસ્તાવેજી પુરાવો :–

ક્રમ	નિશાની	દસ્તાવેજોની વિગત	તારીખ
૧.	આંક:૧૭	પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી બીજા પક્ષકારને નોકરીની ફરજ પર હાજર થવા રજી. એ.ડી. પોષ્ટ મારફતે મોકલાવેલ પત્રની નકલ.	૧/૧૨/૨૦૧૪
૨.	૧૨/૨	–– એજન –– અ.નં.૧ વાળો પત્ર રજી.એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની અસલ મની રસીદ.	૩/૧૨/૨૦૧૪
૩.	આંક:૧૮	–– એજન –– અ.નં.૧ વાળુ રજી.એ.ડી. કવર પ્ર.પ. સંસ્થાને મળ્યા અંગેની રજી.એ.ડી. કવરની નકલ.	–––
૪.	૧૩/૪	પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી બીજા પક્ષકારને નોકરીની ફરજ પર હાજર થવા રજી.એ.ડી. પોસ્ટ મારફતે મોકલાવેલ પત્રની સ્થળપ્રત	૬/૪/૨૦૧૫
૫.	૧૩/૫	–– એજન –– અ.નં.૧ વાળો પત્ર રજી.એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની અસલ મની રસીદ.	૮/૪/૨૦૧૫
૬.	૧૩/૬	બીજા પક્ષકારે મહે. મદદનીશ શ્રમ આયુકતશ્રી વલસાડને નોકરીમાં પુન:સ્થાપિત કરવા બાબતે કરેલ ફરીયાદના અનુસંધાને પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી મહે. મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડને આપેલ જવાબની સ્થળપ્રત.	૧૩/૧/૨૦૧૫

પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૧ થી દસ્તાવેજી પુરાવો :–

ક્રમ	નિશાની	દસ્તાવેજોની વિગત	તારીખ
૧.	૨૧/૧	પ્રથમ પક્ષકાર સંસ્થાનું હાજરી પત્રક.	એપ્રિલ–૨૦૧૩ થી માર્ચ–૨૦૧૪
૨.	૨૧/૨	પ્રથમ પક્ષકાર સંસ્થાનું હાજરી પત્રક.	એપ્રિલ–૨૦૧૪ થી માર્ચ–૨૦૧૫
૩.	૨૧/૩	પ્રથમ પક્ષકાર સંસ્થાનું હાજરી પત્રક.	એપ્રિલ–૨૦૧૫ થી માર્ચ–૨૦૧૬
૪.	૨૧/૪	પ્રથમ પક્ષકાર સંસ્થાનું હાજરી પત્રક.	એપ્રિલ–૨૦૧૬ થી માર્ચ–૨૦૧૭

(૮)આ કામે બીજા પક્ષકાર તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય તેમ જાહેર કરી આંક–૧૯ થી કલોઝીંગ પુરસીશ રજુ કરેલ હતી અને પ્રથમ પક્ષકાર કંપની તરફે આંક–૨૫ થી વધુ પુરાવો જાહેર કરવા માંગતા ન હોય કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલી હતી.

(૯)આ કામે બીજા પક્ષકાર તરફે આંક–૨૬ થી પુરસીસ આપી જણાવેલ છે કે, રેફરન્સ કેસ નં.૩૫/૨૦૧૫ નાં કામે રજુ કરેલ લેખીત દલીલ આ કામે ધ્યાનમાં લેવા રજુ કરેલ છે અને પ્રથમ પક્ષકાર કંપની તરફે આંક–૨૯ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે. બન્ને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલા ચુકાદાઓ વંચાણે લેવામાં આવેલ છે.

(૧૦)આ કામે બન્ને પક્ષકારો તરફે નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે જેના માર્ગદર્શક સીધ્ધાએતો ધ્યાને લેવામાં આવેલ છે.

<u>બીજા પક્ષકાર તરફે રજુ થયેલ ચુકાદાઓ</u>

૧. **ડી.કે.યાદવ વિ.મેસર્સ જે.એમ.એ. ઈન્ડસ્ટ્રી.** ૧૯૯૩ એલ.એલ.આર. ૫૮૪

૨. **એમ.એલ.બોઝ એન્ડ કુ. (પ્રા.લી.) કલકત્તા વિ. તેના કામદારો**એ.આઇ.આર. ૧૯૬૧ ૧૧૭૮

૩. **જગમાલ સિંઘ વિ.પ્રિસાઈડીંગ ઓફીસર લેબર કોર્ટ હરીયાણા.** ૧૯૯૭ એલ.આઇ.સી. ૨૦૪૦

૪. **સુંદરલાલ ધનરાજ કસ્લીવલ વિ. કરમવીર વાઘ સાકર કારખાના લી. ૧૯૯૪(૨)સી.એલ. આર. ૧૯૯૦**

<u>પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ ચુકાદાઓ</u>

૧. 2004(3) L.L.J. 117 CONTINENTAL CONSTRUCTION LTD. VS. PRESIDING OFFICER AND ANOTHER

૨. 2007(1) L.L.J. 578 TRILOKINATH VS. SHRI DHARAM PAUL ARORA AND ANOTHER

૩. 2009 LLR 2 M/S NRK HOUSE VS P.V. TOMMY & ANR.

૪. 2006 ALL MR 688 VFC INDUSTRIES PVT. LTD. VS BALU GANAPAT SAKPAL

૫ 2011 LLR 22 MILESTONE FRENKI STALL MUMBAI VS. MATHEW D'SOUZA &ANR

૬. 2000 LLR 168 MUKESH KHANNA VS. CHANDIGARH ADMINISTRATION, CHANDIGARH & ANOTHER

૭. 1999(1) LLJ 238 LAXMI KANT VS. PRESIDING OFFICER, INDUSTRIAL TRIBUNAL-CUM-LABOUR COURT, GURGAON & ANOTHER

૮. THE PARTNERS, JYOTI AOTOMOBILES VS. PINAKALBHAI RAMESHBHAI PATEL

૯. 2002(1) LLJ 1147 RANGE FOREST OFFICER VS. S.T. HADIMANI

૧૦. 2002 (1) LLJ 424 SURENDRANAGAR DISTRICT PANCHAYAT VS. DAHYABHAI AMARSINHG

(૧૧)ઉપરોકત રેકર્ડ ઉપરની હકીકતો, દલીલો ધ્યાને લેતા આ રેફરન્સનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>-: મુદ્દાઓ :-</u>

(૧)શું બીજા પક્ષકાર કામદાર એ હકીકત પુરવાર કરે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓને છુટ્ટા કરતા અગાઉનાં બાર માસમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (બી) મુજબ સળંગ નોકરી કરેલ છે ?

(૨)શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ પણ જાતની સદર અધિનીયમની જોગવાઈઓ અનુસર્યા સિવાય બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટ્ટા કરેલ છે ?

(૩)શું બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોનાં પુરા પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર છે ?

(૪)શું હુકમ ?

(૧૨)ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા તારણો નીચે મુજબ છે.

મુદ્દા નંબર ૧	**:-**	**હકારમાં**
મુદ્દા નંબર ૨	**:-**	**હકારમાં**
મુદ્દા નંબર ૩	**:-**	**અશંત: હકારમાં**
મુદ્દા નંબર ૪	**:-**	**આખરી હુકમ મુજબ**

<u>-: કારણો :-</u>

<u>મુદ્દા નં. ૧ :-</u>

શું બીજા પક્ષકાર કામદાર એ હકીકત પુરવાર કરે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓને છુટ્ટા કરતા અગાઉનાં બાર માસમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (બી) મુજબ સળંગ નોકરી કરેલ છે ?

(૧૩)મુદ્દા નંબર ૧ બાબતે બીજા પક્ષકાર કામદારે પુરવાર કરવાનું છે કે બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓને છુટ્ટા કરતા અગાઉનાં બાર માસમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (બી) મુજબ સળંગ નોકરી કરેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ૨૦૦૫ ।।। સી.એલ.આર. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા, સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટ પંચાયત વિ. ડાયાભાઈ અમરસિંહ, તથા ***2013 LLR 24 (GUJARAT HIGH COURT) Executive Engineer & Anr. V/s Raval Vitthalbhai Sagrambhai & Anr.*** *VG[* ***2011 III LLJ 106 (GUJARAT HIGH COURT) Ranchhodbhai Nanabhai Parmar V/s Managing Director of the Corporation*** ઉપરોકત ચુકાદાઓમાં તારવવામાં આવેલા સિધ્ધાંતો અને સદર ચુકાદાઓ વંચાણે લેતા સદરહું ચુકાદાઓમાં નામ. સુપ્રિમ કોર્ટનાં ઠરાવ્યા મુજબ ૨૪૦ દિવસની સળંગ કામગીરી પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી કામદારના શીરે રહે છે.

આ કામે બીજા પક્ષકાર કામદાર તરફથી તેમનાં માંગણાનું નીવેદન આંક-૦૫ થી રજુ કરવામાં આવેલ છે અને આંક-૧૨ થી સરતપાસનું સોંગદનામું રજુ કરવામા આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર કંપનીમાં તા.૦૧/૦૫/૨૦૦૬ થી કાયમી પ્રકારના કામ ઉપર કાયમી કામદાર તરીકે ફોરમેનના હોદ્દા પર રોજીંદા રૂપીયા ૫૧૩/- ના પગારથી પોતાની ફરજ ખંત અને વફાદારીથી બજાવતા આવેલ છે. બીજા પક્ષકાર કામદારનો નોકરીનો સમગ્ર સમયગાળો નિષ્કલંક અને બિલકુલ સાફ છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં આશરે ૫૦ થી વધારે કામદારો વર્ષોથી ફરજ બજાવતા આવેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને તમામ મજુર કાયદાઓ જેવા કે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭, પેમેન્ટ ઓફ વેજીસ એકટ, ફેકટરી એકટ, મિનિમમ વેજીસ એકટ, ગ્રેજ્યુઈટી એકટ, પ્રોવિડન્ટ ફંડ એકટ, બોનસ એકટ, વર્કમેન કોમ્પેનસેશન એકટ અને સ્ટેન્ડીંગ ઓર્ડર્સ વગેરે તમામ કાયદાઓ લાગુ પડે છે. તેમ છતાં પ્રથમ પક્ષકારે તેનું પાલન ન કરી મજુર કાયદાનો સરીયામ ભંગ કરેલ છે. બીજા પક્ષકાર પાસે રોજ બરોજ ૧૨-૧૨ કલાક સુધી કામો લેવામાં આવતું હતું. બીજા પક્ષકાર તેઓની ફરજ ખંત, વફાદારીથી અને મહેનતથી બજાવતા હતા. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર કામદારને પગાર સિવાય બીજા કોઈ લાભો આપતા ન હતા તેમજ કાયદા મુજબ પગારની ચુકવણી કે અન્ય લાભો પણ આપતા ન હતા. બીજા પક્ષકારને આઈ.કાર્ડ, હકક રજા કાર્ડ, હકક રજા પગાર વગેરે પણ આપતા ન હતા. જે બાબતે બીજા પક્ષકારે સંસ્થાના શેઠશ્રી ચંપકભાઈ એમ.પટેલ પાસે અનેકવાર મૌખિક રીતે માંગણી કરેલ પરંતુ આપેલ નથી. તેઓ બીજા પક્ષકાર ઉપર કિન્નાખોરી રાખતા હતા. બીજા પક્ષકારને તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજ ફરજ ઉપર હાજર થયેલ ત્યારે પ્રથમ પક્ષકાર સંસ્થાના શેઠશ્રી ચંપકભાઈ એમ.પટેલે ઓફીસમાં બોલાવી જણાવેલ કે, '' જયાં વધારે પગાર મળે ત્યાં કામ શોધી લો અમોને તમારી જરૂર નથી.'' આમ કોઈપણ જાતના વાજબી કારણ વિના, કોઈપણ જાતની નોટીસ, ચાર્જશીટ કે ખાતાકીય તપાસ કર્યા વિના, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ, સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈ વિરૂધ્ધ, ગેરવ્યાજબી, ગેરકાયદેસર રીતે તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજથી મૌખિક હુકમથી પ્રથમ પક્ષકાર સંસ્થાના શેઠશ્રી ચંપકભાઈ એમ.પટેલે છુટા કરેલ છે.

(૧૪)હવે, આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે રજુઆત કરવામાં આવેલ છે તે મુજબ તેઓએ બીજા પક્ષકાર તેમની સંસ્થામાં કામ કરતા હોવા બાબતે કોઇ ઇન્કાર કરેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે રજુઆત કરવામાં આવેલ છે કે બીજા પક્ષકારે માંગણાના નિવેદનમાં જણાવેલ છુટા કર્યા તા.

૨૧/૧૧/૨૦૧૪ ના રોજ નોકરીમાંથી છુટા કરવા અંગેનો કોઈ મૌખિક હુકમ આપેલ ન હતો કે નથી. બીજા પક્ષકારને તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી રૂખસદ કે બરતરફ કરેલ નથી કે 'છટણી' પણ કરેલ નથી કે બીજા પક્ષકારની બીજી કોઈપણ રીતે સેવા સમાપ્તિ બાબતેનો કોઈ લેખિત કે મૌખિક હુકમ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આપવામાં આવેલ ન હતો કે નથી. બીજા પક્ષકારે તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજથી સ્વૈચ્છાએ કામ પર આવવાનું બંધ કરેલ. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને નોકરીમાં હાજર થવા માટે અગાઉ તા.૧/૧૨/૨૦૧૪ તથા તા.૬/૪/૨૦૧૫ ના રોજ રજી.એ.ડી. પોસ્ટ મારફતે પત્ર મોકલેલ હતા. તેમ છતાં બીજા પક્ષકાર નોકરી ફરજ ઉપર હાજર થયેલ નથી.

(૧૫)હાલના કામે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારના કામદાર ન હોય તે બાબતે પ્રથમ પક્ષકારે કોઈ તકરાર લીધેલ નથી. પરંતુ પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં સળંગ નોકરી કરેલ નથી તેવી તેમની રજુઆત છે. જે બાબતે આ કામે પ્રથમ પક્ષકારના સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓએ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ કામનાં બીજા પક્ષકાર તા.૦૧/૦૫/૨૦૦૬નાં રોજ થી ફોરમેન તરીકે રોજનાં રૂ.૫૧૩/-નાં પગાર થી કામ કરતા હતા. બીજા પક્ષકાર કામદારનું પી.એફ. કાપતા હતા તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે બીજા પક્ષકાર કામદારે અમારે ત્યાં તા.૦૧/૦૫/૨૦૦૬ થી તા.૨૦/૧૧/૨૦૧૪ સુધી સળંગ નોકરી કરેલ છે. આમ, પ્રથમ પક્ષકાર તરફે જાતે જ બીજા પક્ષકારે સળંગ નોકરી કરેલ હોવાની વાતનો સ્વીકાર કરેલ છે.

(૧૬)હવે બીજા પક્ષકાર કામદારને છુટા કર્યા તારીખના અગાઉના ૧૨ માસમાં તેઓએ ૨૪૦ દિવસની સળંગ નોકરી કરેલ છે કે કેમ તે બાબત નકિક કરવાની રહે છે. જે બાબતે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫(બી) વંચાણે લેતા નીચે મુજબ છે.

<u>**કલમ-૨૫(બી) :- સળંગ નોકરીની વ્યાખ્યા**</u>

આ પ્રકરણના હેતુઓ માટે,

(૧)કોઈ કામદાર, બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસૂરના લીધે ન હોય એવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડિત થાય એવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તે એટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય,

(૨) એક વર્ષ અથવા છ મહિના સુધી ખંડ (૧) ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય, ત્યારે તેવા કામદારે,

(ક)જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાંના બાર અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન-

(૧)કોઈ ભૂગર્ભમાં કામો રાખેલા કામદારના દાખલામાં, એકસો નેવું દિવસસ અને

(૨) બીજા કોઈ દાખલામાં, બસો ચાલીસ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો, એક વર્ષની મુદત સુધી...

(૧૭)ઉપરોકત ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ-૨૫(બી)ની વ્યાખ્યા ધ્યાને લેતા એક વર્ષ અથવા છ મહીનાની સળંગ નોકરીમાં ન હોય ત્યારે અરજદાર કામદારે છુટા કરેલ તે તારીખથી છેલ્લા ૧૨ માસમાં ૨૪૦ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરેલ છે તેવુ પુરવાર

કરવાનુ રહે છે. જે પુરાવાનો બોજો બીજા પક્ષકાર ઉપર રહેલ છે. હવે આ કામે પ્રથમ પક્ષકારની રજુઆત એવી છે કે આ કામના બીજા પક્ષકારે સળંગ નોકરી કરેલી નથી તે બાબતે પ્રથમ પક્ષકાર તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ જોવામાં આવે તો તારીખ ૨૧/૧૧/૨૦૧૪ ના પહેલાના વર્ષમાં ૨૪૦ દિવસથી વધુ કામગીરી કરેલ હોય તે બાબતે આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક-૨૧ થી હાજરી પત્રકની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. સદર હાજરી પત્રક જોતા તે ઝેરોક્ષ નકલ છે. અને તે અસલ હાજરીપત્રકની કમ્પેર કરાવેલ કોપી હોય તેવુ માલુમ પડતુ નથી. વધુમાં સદર ઝેરોક્ષ હાજરી પત્રક જોવામાં આવે તો પણ તેમાં જુલાઇ-૨૦૧૪ ના મહિનામાં બીજા પક્ષકાર કામદારનું નામ હાજરી પત્રકમાં હોય તેવુ જણાતુ નથી. વધુમાં તારીખ ૨૧/૧૧/૨૦૧૪ ના રોજ અગાઉના એક વર્ષમાં બીજા પક્ષકાર કામદારની હાજરી ૨૪૦ દિવસની થાય છે. આમ બીજા પક્ષકાર કામદારે તારીખ ૨૧/૧૧/૨૦૧૪ પહેલાના અગાઉના એક વર્ષમાં સળંગ નોકરી કરેલ છે તેવુ પ્રથમ પક્ષકારના દસ્તાવેજથી જ પુરવાર થાય છે. વધુમાં આ કામે પ્રથમ પક્ષકારના સાહેદે તેમની ઉલટ તપાસમાં પણ બીજા પક્ષકારે કામદારે તા.૦૧/૦૫/૨૦૦૬ થી તા.૨૦/૧૧/૨૦૧૪ સુધી સળંગ નોકરી કરેલ છે તે વાતનો સ્વીકાર કરેલ છે. આમ, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારમાં છેલ્લા એક વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલ હોય તે હકિકત પુરવાર થાય છે. જેથી બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ-૨૫(બી) સળંગ નોકરીમાં હતા તેવુ જણાય આવે છે. જેથી હું મુદ્દા નં.૧નો જવાબ **હકારમાં** આપું છું.

<u>મુદ્દા નં. ૨ :-</u>

શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ પણ જાતની સદર અધિનીયમની જોગવાઈઓ અનુસર્યા સિવાય બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટ્ટા કરેલ છે ?

(૧૮)મુદ્દા નં. ૨ બાબતે બીજા પક્ષકારે પુરવાર કરવાનું રહે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ પણ જાતની સદર અધિનીયમની જોગવાઈઓ અનુસર્યા સિવાય બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટ્ટા કરેલ છે, આ બાબતનો નિર્ણય કરવા માટે રજુ થયેલો પુરાવો વંચાણે લેવામાં આવે તો બીજા પક્ષકારે તેમના માંગણાનાં નિવેદન અને સરતપાસનાં સોંગદનામામાં એમ જણાવે છે કે, બીજા પક્ષકાર તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજ ફરજ ઉપર હાજર થયેલ ત્યારે પ્રથમ પક્ષકાર સંસ્થાના શેઠશ્રી ચંપકભાઈ એમ.પટેલે ઓફીસમાં બોલાવી જણાવેલ કે, '' જયાં વધારે પગાર મળે ત્યાં કામ શોધી લો અમોને તમારી જરૂર નથી.'' આમ કોઈપણ જાતના વાજબી કારણવિના, કોઈપણ જાતની નોટીસ, ચાર્જશીટ કે ખાતાકીય તપાસ કર્યા વિના, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ, સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈ વિરૂધ્ધ, ગેરવ્યાજબી, ગેરકાયદેસર રીતે તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજથી મૌખિક હુકમથી પ્રથમ પક્ષકાર સંસ્થાના શેઠશ્રી ચંપકભાઈ એમ.પટેલે છુટા કરેલ છે. ત્યારબાદ બીજા પક્ષકાર કામદાર રાબેતા મુજબની ફરજના સમયે રોજેરોજ ફરજ ઉપર હાજર થવા ગયેલ. પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થાના શેઠશ્રીએ જણાવેલ કે ''અમો બીજા કામદારને રાખી લીધેલ છે તમારી જરૂર નથી'' પ્રથમ પક્ષકારનું કૃત્ય અન્યાયી અન્યાયી, મજુર કાયદા વિરૂધ્ધનું ગેરકાયદેસર છે. હવે બીજા પક્ષકાર કામદારની આવી રજુઆત બાબતે તેઓને છુટા કરવાનું કાર્ય છટણીની વ્યાખ્યામાં સમાવેશ થાય છે કે નહીં તે જોવાનું રહે છે.

(૧૯) ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(ઓઓ)માં છટણીની વ્યાખ્યા આપવામાં આવેલી છે. જે નીચે મુજબ છે.

<u>કલમ-૨(ઓઓ) :- છટણીની વ્યાખ્યા:-</u>

એટલે, શિસ્તનાં પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

એ. કામદારની સ્વેચ્છાપૂર્વકની નિવૃતિ અથવા

બી. માલિક અને સબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિવયે પહોંચતાં કામદારની નિવૃતિ અથવા

બીબી. માલિક અને સબંધિત કામદાર વચ્ચેનાં રોજગાર કરાર પૂરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરી સમાપ્તિ અથવા

સી. માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ.

(૨૦)હવે, આ કામે પ્રથમ પક્ષકારની રજુઆત મુજબ બીજા પક્ષકાર કામદારે સ્વેચ્છાએ નોકરીનો ત્યાગ કરેલ છે અને તેઓએ બીજા પક્ષકારને છુટા કરેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકારે જણાવેલ છે કે બીજા પક્ષકારને તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી રૂખસદ કે બરતરફ કરેલ નથી કે 'છટણી' પણ કરેલ નથી કે બીજા પક્ષકારની બીજી કોઈપણ રીતે સેવા સમાપ્તિ બાબતેનો કોઈ લેખિત કે મૌખિક હુકમ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આપવામાં આવેલ ન હતો કે નથી. હકીકતમાં ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ-૨(એ) મુજબ બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે કહેવાતી છુટા કર્યા તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજ કોઈ જ ઔદ્યોગિક તકરાર કે મતભેદ ઉભા થયેલ ન હતા કે અસ્તિત્વ ધરાવતા ન હતા. બીજા પક્ષકારે તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજથી સ્વૈચ્છાએ કામ પર આવવાનું બંધ કરેલ. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને નોકરીમાં હાજર થવા માટે અગાઉ તા.૧/૧૨/૨૦૧૪ તથા તા.૬/૪/૨૦૧૫ ના રોજ રજી.એ.ડી. પોસ્ટ મારફતે પત્ર મોકલેલ હતા. હવે સદર કામે બીજા પક્ષકાર તરફે આંક-૨૨ થી પ્રથમ પક્ષકાર તરફે તેમના યુનીયન પ્રતિનીધીએ પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ રજુ કરેલ છે જેમાં બીજા પક્ષકારે તેમના માંગણા નીવેદનના સમર્થનરૂપી હકિકતો જણાવી તેઓને પ્રથમ પક્ષકાર સંસથામાં ફરજ પર પરત લેવા માટે નોટીસ આપેલી છે. જે તારીખ ૦૧/૧૨/૨૦૧૪ ના રોજની છે. તેમજ આંક-૨૩ થી બીજા પક્ષકાર ને જાન્યુઆરી ૨૦૧૩ થી બઆતી આપવા બાબતેનો પ્રમોશન લેટર રજુ કરેલ છે. જે પ્રથમ પક્ષકારને મળી ગયેલ છે. જે સામે પ્રથમ પક્ષકાર તરફે આંક-૧૭ થી તારીખ ૦૧/૧૨/૨૦૧૪ ના રોજનો પત્ર લખેલ છે અને તેમાં બીજા પક્ષકારને તેઓ તારીખ ૨૨/૧૧/૨૦૧૪ ના રોજથી ગેરહાજર રહેતા હોય તાત્કાલીક હાજર થવા સુચના આપેલ છે. જે પત્ર વગર બજે પરત ફરેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર સંસથા તરફે નીશાની ૧૩/૪ થી તારીખ ૦૬/૦૪/૨૦૧૫ ના રોજનો પત્ર બીજા પક્ષકારને લખેલ છે જે પત્રમાં પણ બીજા પક્ષકાર ગેરહાજર રહેલા હોય તાત્કાલક હાજર થવા જણાવેલ છે. હવે આ કામે બીજા પક્ષકારની રજુઆત એવી છે કે તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ છુટા કર્યા બાદ તેઓ રોજેરોજ ફરજ પર હાજર થવા ગયેલા પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્રારા તેઓને ફરજ પર લેવામાં આવેલ નથી અને પ્રથમ પક્ષકાર દ્રારા બીજા કામદારને કામે રાખી લીધેલ છે. હવે આ કામે પ્રથમ પક્ષકાર દ્રારા રજુ કરવામાં આવેલ કામદારોનું હાજરી પત્રક જોતા પણ તારીખ ૨૧/૧૧/૨૦૧૪ બાદ કામદારની ગેરહાજરી પુરવામાં આવેલ છે. પરંતુ સદર ગેરહાજરી સબબ પ્રથમ પક્ષકાર દ્રારા મોકલવામાં આવેલ તારીખ ૦૧/૧૨/૨૦૧૪ ના રોજનો પત્ર તથા તારીખ ૦૬/૦૪/૨૦૧૪ ના રોજનો પત્ર બીજા પક્ષકાર કામદારને મળેલ હોય તેવી હકિકત પુરવાર થતી નથી. વધુમાં આ કામે પ્રથમ પક્ષકારના સાહેદનાઓએ આંક-૨૧ થી ઉલટ તપાસમાં જણાવેલ છે કે, મને આંક-૧૮ બતાવવામાં આવે છે તે જોઈને કહું છુ કે આ પત્ર કામદારને મળી ગયેલ હોય તેવા કોઈ પુરાવા આ કામે રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે અમે પગાર રજીસ્ટર બધા કામદારોનું સાથે બનાવીએ છીએ અને પગાર રજીસ્ટરમાંથી બીજા

પક્ષકારનું નામ કાઢી નાંખવામાં આવેલ છે. પગાર રજીસ્ટરમાંથી નામ કાઢી નાંખયા બાદ બીજા પક્ષકારને નોટીસ આપીને કોઈ હકક હીસ્સાની ચુકવણી કરેલ હોય તેવું બનેલ નથી. આમ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારનું નામ પગાર રજીસ્ટરમાંથી કાઢી નાખેલ છે. વધુમાં બીજા પક્ષકારને તેમના હકક હિસ્સાની રકમની પણ ચુકવણી કરેલ નથી તેવુ જાતે જ સ્વીકારેલ છે. તેવા સંજોગોમાં જયારે બીજા પક્ષકારની રજુઆત મુજબ તેઓને છુટા કર્યા બાદ વારંવાર તેઓ ફરજ પર હાજર થવા ગયેલ હોય પરંતુ પ્રથમ પક્ષકાર દ્વારા તેઓને ફરજ પર લવામાં આવેલ નથી. તેમજ જો બીજા પક્ષકાર સ્વેછાએ ફરજ પર આવતા બંધ થયેલ હોય તે બાદ પ્રથમ પક્ષકાર તરફે તેઓને કોઈ નોટીસ આપવામાં આવેલ નથી કે કોઈ ચાર્જશીટ આપવામાં આવેલ નથી કે ખાતાકિય તપાસ કરવામાં આવેલ નથી. તેમજ બીજા પક્ષકાર કામદારની ગેરહાજરી સબબ કોઈ શીક્ષાત્મક પગલા પણ લેવામાં આવેલ નથી જેથી બીજા પક્ષકાર કામદારને છુટા કરવાનું પગલુ ઈન્ડસ્ટ્રીલ ડિસ્પ્યુટ એકટની કલમ ૨૫–એફ ની જોગવાઈઓથી વિરુધ્ધનું જણાય છે.

(૨૧)આ કામે બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો ચુકાદો ડી.કે. યાદવ વિ. મે. જે.એમ.એ. ઈન્ડસ્ટ્રીઝ ૧૯૯૩ એલ.એલ.આર. ૫૮૪ જોવામાં આવે તો સદર ચુકાદામાં નામદાર હાઈકોર્ટ ઠરાવેલ છે કે, It is a fundamental rule of law that no decision must be taken which will affect the right of any person without first being informed of the case and be given him/ her an opportunity of putting forward his/her case. An order involving civil consequences must be made consistently with the rules of natural justice. In Mohinder Singh Gill & Anr. v. The Chief Election Commissioner & Ors. [1978] 2 SCR 272 at 308F the Constitution Bench held that 'civil consequence' covers infraction of not merely property or personal right but of civil liberties, material deprivations and non- pecuniary damages. In its comprehensive connotion every thing that affects a citizen in his civil life inflicts a civil consequence. Black's Law Dictionary, 4th Edition, page 1487 defined civil rights are such as belong to every citizen of the state or country they include rights capable of being enforced or redressed in a civil action. In State of Orissa v. Dr. (Miss) Binapani Dei & Ors., this court held that even an administrative order which involves civil consequences must be made consistently with the rules of natural justice. The person concerned must be informed of the case, the evidence in support thereof supplied and must be given a fair opportunity to meet the case before an adverse decision is taken. Since no such opportunity was given it was held that superannuation was in violation of principles of natural justice. આમ, સદર ચુકાદા મુજબ કામદારે સ્વેછાએ નોકરી છોડેલ હોય તે માટે ઈન્કવાયરી કર્યા વિના તેની નોકરીનો અંત આવતો નથી. જેથી સદર ચુકાદો હાલના કેસને લાગુ પડે છે અને કામદારે નોકરીનો સ્વેછાએ ત્યાગ કરેલ હોવાનું પુરવાર થતુ નથી. કારણે કે હાલના કેસમાં કામદારની રજુઆત મુજબ તેઓને નોકરીમાંથી છુટા કર્યા બાદે તેઓ રોજે રોજ સંસ્થામાં હાજર થવા ગયેલા છે પરંતુ બીજા પક્ષકાર દ્વારા લેવામાં આવેલ નથી.

(૨૨)આ કામે પ્રથમ પક્ષકાર તરફે તેઓની રજુઆતના સમર્થનમાં નામદાર હિમાચલ પ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો CONTINENTAL CONSTRUCTION LTD. VS. PRESIDING OFFICER AND ANOTHER 2004 (3)LLJ. 117 (H & P H.C.) રજુ કરેલ છે જે ચુકાદા

મુજબ "As the workman himself had voluntarily abandoned the service in the present case, the findings recorded by the Labour Court that his services were orally terminated in violation of Section 25-F of the Act are unwarranted and unsustainable. The petitioner-Company has given more than sufficient opportunities to the workman to resume his duty after he was found absent without sanctioned leave. The workman defaulted and offered no explanation of his absence from duty and did not report for duty within the stipulated period of the notice as required in clause 16 of the Standing Order. સદર ચુકાદાની હકિકત મુજબ સંસ્થા દ્વારા કામદારને નોકરી પર હાજર થવા પુરતી તક આપવામાં આવેલ હોવા છતા કામદાર હાજર થયેલ ન હોય જેથી તેઓએ સ્વેછાએ નોકરીનો ત્યાગ કરેલ હોવાનું ઠરાવેલ. પરંતુ હાલના કેસમાં બીજા પક્ષકાર કામદારને ફરજ પર પરત લેવા માટે લખેલ પત્ર કામદારને મળેલ હોય તેવુ પુરવાર થતુ નથી કે કામદારને પરત ફરજ પર લેવા માટેની કોઇ તક પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આપવામાં આવેલ હોય તેવુ પણ પુરવાર થતુ નથી તેવા સંજોગોમાં સદર ચુકાદો હાલના કેસને લાગુ પાડી શકાય તેમ નથી.

(૨૩)વધુમાં પ્રથમ પક્ષકાર તરફે નામદાર હરીયાણા હાઇકોર્ટનો ચુકાદો 1999(1) LLJ 238 (P & H H.C. D.B.) laxmi Kant Vs. Presiding Officer, Industrial Tribunal-cum-Labour Court, Gurgaon & Another રજુ કરેલ છે જેમાં નામદાર હાઇકોર્ટે ઠરાવેલ છે કે, "The contention is wholly misconceived. The categorical finding recorded by the Labour Court is that the management had not passed any order of termination, if there is no order of termination passed by the employer, it is not understood as to how and why it is required to hold an enquiry. The petitioner had himself abandoned the job. He is wanting to take advantage of his own wrong. There is neither equity nor law in his favour." સદર ચુકાદા ને ધ્યાને લેતા હાલના કેસમાં કામદાર ફરજ પર હાજર થયેલ હોય નોકરીનો ત્યાગ કરેલ હોવાનું પુરવાર થતુ નથી.

(૨૪)વધુમાં આ કામે પ્રથમ પક્ષકાર તરફે નામદાર દિલ્હી હાઇકોર્ટનો ચુકાદો 2007 (1) LLJ 117 578(DEL H.C.-D.B.) TRILOKI NATH VS. SHRI DHARAM PAUL ARORA AND ANOTHER રજુ કરેલ છે. સદર ચુકાદામાં નામદાર દિલ્હી હાઇકોર્ટે ઠરાવેલ છે કે, જયારે કામદારને સંસ્થા દ્વારા સમાધાનની પ્રક્રિયામાં નોકરીમાં પરત ફરવાની સ્પષ્ટ ઓફર કરવામાં આવેલ તેમ છતા તે ફરજ પર જોડાવવામાં ફેઇલ ગયેલ હોય જેથી અપીલ રદ કરવામાં આવેલ. પરંતુ હાલના કેસમાં બીજા પક્ષકાર કામદારને નોકરીમાં પરત ફરવા માટે કોઇ સ્પષ્ટ ઓફર કરવામાં આવેલ હોય અને કામદારે તેનો ઇન્કાર કરેલ હોય તેવુ પ્રથમ પક્ષકાર તરફે જણાતુ નથી. તેવા સંજોગોમાં સદર ચુકાદો હાલના કેસને લાગુ પાડી શકાય તેમ નથી.

(૨૫)આમ, સામાવાળા દ્વારા અરજદાર ને શિસ્ત ભંગના પગલાની શિક્ષા રૂપે કરેલ સજા સિવાય નોકરીમાં થી દુર કરેલા હોઈ અરજદાર ની આઈ.ડી.એકટ ની કલમ ૨(ઓઓ) મુજબ છટણી કરેલ હોવાનુ સાબીત થાય છે. આમ જયારે અરજદાર આઈ.ડી.એકટ ની કલમ ૨૫(બી) મુજબ સામાવાળા ની સળંગ નોકરી માં હોય અને કલમ ૨(ઓઓ)મુજબ અરજદારની છટણી કરવામાં આવેલ હોય ત્યારે છટણી કરતા અગાઉ સામાવાળા દ્વારા આઈ.ડી.એકટ ની કલમ ૨૫(એફ) માં જણાવ્યા મુજબની કામદાર ની છટણી કરવા માટે ત્રણ શરતો નુ પાલન થયુ હોવુ જોઈએ. (૧) એક મહિનાની નોટિસ આપવી પડે અથવા એક મહિનાનો નોટિસ પગાર આપવો પડે.(૨) છટણી કરતી વખતે સળંગ નોકરી

ના દરેક પુરા વર્ષ અથવા છ મહિના કરતા વધુ મુદત ના ભાગ માટે સરેરાશ પંદર દિવસના પગાર જેટલું વળતર આપવા માં આવ્યુ હોવુ જોઈએ.(૩) ઠરાવેલી રીતે સમુચિત સરકાર અથવા નિર્દિષ્ટ સતાધિકારી ઉપર નોટિસ બજાવી હોવી જોઈએ અને તેને ગેઝેટ માં પ્રસિધ્ધ કરવી જોઈએ. જયારે સામાવાળા ધ્વારા આ ત્રણે પૈકી કોઈ એક પણ શરત નુ પાલન કરેલ ન હોઈ અરજદાર ને કલમ ૨૫(એફ) નુ રક્ષણ મેળવવા હકકદાર થતા હોઈ સામાવાળા ધ્વારા અરજદાર ની છટણી કલમ ૨૫(એફ) નુ પાલન કર્યા વિના ની હોઈ છટણી ગેરકાયદેસર હોવા નુ સાબીત થાય છે. જેથી **મુદદા નં.**3 નો જવાબ પણ હું **'હકાર'** માં આપુ છુ.

<u>મુદ્દા નં. ૩ :–</u>

શું બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોનાં પુરા પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર છે ?

(૨૬)મુદ્દા નં. ૩ બાબતે પ્રથમ પક્ષકારે પુરવાર કરવાનું રહે છે કે, બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોનાં પુરા પગાર સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે. આ કામે ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૨માં જણાવ્યા મુજબ બીજા પક્ષકાર કામદારને છુટ્ટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવેલ હોય જેથી સામાન્ય સંજોગોમાં જયારે કોઈપણ શ્રમયોગીને છુટ્ટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે ત્યારે તેવા શ્રમયોગી તેઓની મુળ જગ્યાએ સળંગ નોકરી થી પુન: સ્થાપિત થવા હકકદાર થાય છે. જેથી પડેલા દિવસનાં પુરેપુરા પગાર તેમજ અન્ય તમામ આનુસાંગિક લાભો સહિત મુળ જગ્યાએ સળંગ નોકરીમાં પુન:સ્થાપિત કરવા હુકમ કરવા બીજા પક્ષકાર દ્વારા અરજ કરવામાં આવેલ છે.

(૨૭)વધુમાં કામદારે નોકરીનો સ્વેછાએ ત્યાગ કરેલ હોય તે બાબતે પ્રથમ પક્ષકાર તરફે નામદાર બોમ્બે હાઇકોર્ટનો ચુકાદો 2009(1)LLJ 582 NRK HOUSE MUMBAI VS. P.V. TOMMY C/O AKJHIL BHARATIY GENEREL KAMGAR UNION AND ANOTHER રજુ કરેલ છે. સદર ચુકાદામાં ઠરાવેલ છે કે જયારે કામદારે સ્વેછાએ નોકરીનો ત્યાગ કરેલ હોય કામદાર પુનઃસ્થાપીત થવા કે બેક વેજીસ મેળવવા પાત્ર બનતા નથી. પરંતુ હાલના કેસમાં કામદારે નોકરીનો સ્વેછાએ ત્યાગ કરેલ હોય તેવુ પુરવાર થતુ ન હોય સદર ચુકાદો હાલના કેસને લાગુ પાડી શકાય તેમ નથી.

વધુમાં પ્રથમ પક્ષકાર તરફે નામદાર બોમ્બે હાઇકોર્ટનો ચુકાદો VFC INDUSTIRIES PVT. LTD. VS. BALU GANAPAT SAKALP 2006(6)ALL MR 688 રજુ કરેલ છે. સદર ચુકાદામાં ઠરાવેલ છે કે જયારે કામદારને નોકરી પર પરત લેવાની ઓફર કરવામાં આવે અને તેનો તે સ્વીકાર કરે નહિ તો તે પુનસ્થાપન કે બેક વેજીસ માટે હકકદાર રહે નહિ. પરંતુ હાલના કેસમાં કામદારને પ્રથમ પક્ષકાર દ્વારા નોકરી પર પરત લેવામાં આવેલ નથી કે પરત લેવા માટેની ઓફર કરી હોય અને કામદારે ઈન્કાર કરેલ હોય તેવુ પુરવાર થયેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર દ્વારા લખવામાં આવેલ પત્ર પણ બીજા પક્ષકારને મળેલ નથી. તેવા સંજોગોમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર કામદારને નોકરી પર પરત લેવા માટે કોઇ તૈયારી દર્શાવેલ હોવાનું માની શકાય નહિ. જેથી સદર ચુકાદો હાલના કેસને લાગુ પાડી શકાય નહિ.

(૨૮)ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે આ કામના પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે તા.૨૧/૧૧/૨૦૧૪ના રોજ છટણી કરવામાં આવેલ હતી આ ગેરકાયદેસરની છટણીથી ઉભી થતી જવાબદારી ચુકવી આપવાની પ્રથમ પક્ષકારની હતી. આ કામના બીજા પક્ષકાર

કામદારના પડેલ દિવસોના પગારની જવાબદારી પ્રથમ પક્ષકારની જણાય આવે છે, પડેલા દિવસોનાં પગાર અંગે નિર્ણયો કરતી વખતે જે તે બીજા પક્ષકાર કામદારે કામ શોધવા કરેલ પ્રયત્નો, કામ મળવાની શકયતાઓ, લેન્થ ઓફ સર્વિસ, કામદારનું શૈક્ષણિક લાયકાત તેમજ સંસ્થાની આર્થિક પરિસ્થિતી પણ ઘ્યાને લેવી પડે. જેથી આ કામે હાલના કેસમાં બીજા પક્ષકાર કામદારે અન્ય જગ્યાએ કામ શોધવા પ્રયત્ન કરેલ હોય તે બતાવતો કોઈ પુરાવો અત્રે રજુ કરેલ નથી જેથી હાલના બીજા પક્ષકાર સંપુર્ણપણે બેકાર રહેલ હોવાનું પુરવાર કરી શકેલા ન હોય તેમજ નોકરી મેળવવા પ્રયત્ન કરેલ હોવા છતાં તેઓને નોકરી મળેલ નહીં હોવાનું પુરવાર કરેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા પણ આ બાબતે કોઈ વિરુઘ્ધનો પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેમ છતા પુરાવાનો પ્રાથમીક બોજો બીજા પક્ષકાર કામદાર ઉપર જ રહેલ છે, ઉપરાંત બીજા પક્ષકાર તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, હું પીરણીત છુ, મારે બે દીકરીઓ છે, જેમાં એક દિકરી ઉ.વ.પ વર્ષ અને બીજી દિકરી ઉ.વ.ર ની છે, મારે મારા પરીવારનાં ગુજરાન માટે મહીને રૂ.૯–૧૦ હજાર ની જરૂર પડે, એ વાત ખરી છે કે મારે મહીને રૂ.૯–૧૦ કમાવા માટે નાનું – મોટું કામ કરવું પડે છે. એ વાત ખરી છે કે મે સને ૨૦૧૪ થી આજદીન સુધીની બેંક પાસ બુક રજુ કરેલ નથી. આ પાસબુક હું રજુ કરીશ. મારે એક જ બેંકમાં ખાતુ છે.

આમ, બીજા પક્ષકારે હાલના કામે તેઓને છુટા કર્યા બાદ મે–૨૦૧૪થી આજદિન સુધીની કોઇ બેંક પાસ બુક પણ રજુ કરેલ નથી. જેથી બીજા પક્ષકાર કામદાર સંપુર્ણ બેકાર રહેલા નથી, અને નાનુ મોટુ કામ કરી કમાતા હોય તેવુ સ્વીકારે છે. પરંતુ તેનાથી બીજા પક્ષકાર કામદાર ગેઇન ફુલ એમ્પ્લોયમેન્ટ ધરાવે છે તેવુ કહિ શકાય નહિ. જે બાબતે પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ ઉપરોકત ચુકાદાઓ ઘ્યાને લેવામાં આવેલ છે. આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો ઘ્યાને લેવામાં આવે તો બીજા પક્ષકાર કામદારે તેમની ઉંમર ફરીયાદમાં ૨૯ વર્ષ જણાવેલ હોય તેમજ બીજા પક્ષકાર કામદારે પુરાવાના સોગંદનામામા તેઓની ઉંમર સને ૨૦૧૭માં ૩૭ વર્ષ દર્શાવેલ છે જેથી હાલ બીજા પક્ષકારની ઉંમર ૪૧ વર્ષની આસપાસની ઉંમરના હોવાનું માનવામાં આવે છે.

(૨૯)આ કામે કામદાર નોકરીમાં પુન:સ્થાપિત થતા બેકવેજીસ માટે હકકદાર છે તેવો નિયમ નથી. બેકવેજીસ આપતા કે નકારતા સમયે કામદારની મેથડ ઓફ સીલેકશન, હોદ્દો, નોકરીનો પ્રકાર, સમયગાળો, ઉંમર, જરૂરી લાયકાત, આવું કામ મળવાની શકયતા, કામ મેળવવા કરેલા પ્રયત્નો જેવી બાબતો ઘ્યાને લેવી જોઈએ. બીજા પક્ષકારને તા.૨૧/૧૧/૨૦૧૪નાં રોજ મૌખિક હુકમથી છુટ્ટા કરેલ છે, અરજદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં આશરે ૮ વર્ષ જેટલો સમય કામ કરેલ છે. ત્યારબાદ તેઓ બેકાર રહેલા હોય તેવુ માની શકાય તેમ નથી કારણ કે કામદાર જે પ્રકારનું કામ કરે છે તે કામ સહેલાઈથી અન્ય જગ્યાએ મળી રહે તેવા પ્રકારનું છે. જેથી બીજા પક્ષકાર શ્રમયોગી નોકરીમાંથી છુટા થયા બાદ સંપુર્ણપણે બેકાર રહેલ છે તેવુ તેમના તરફે પુરવાર થયેલ નથી કે તે બાબતે તેઓએ અન્ય જગ્યાએ કામ મેળવવા પ્રયત્ન કરેલ હોય કે કોઈ અરજી કરેલ હોય અને તેમને કામ ન મળેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. વિશેષમાં આ કામના કામદારને છુટા કરવામાં આવેલ તે દિવસથી આજ દિન સુધી કોઈ પણ પ્રકારની આવક મેળવવા અસમર્થ હતા તે હકીકત સંભવિત રીતે માની શકાય નહિં. કોઈ પણ કામદાર સતત વર્ષો સુધી કોઈ પણ કામ કે આવક મેળવ્યા વગર પોતાનું તથા પોતાના પરિવારનું જીવન નિર્વાહ કરતો હોવાનું પણ માની શકાય નહિં. હાલમાં પણ કામદાર વગર કોઈ કામકાજે પોતાનું જીવન નિર્વાહ કરતા હોવાનું પણ માની શકાય નહિં. જેથી અરજદાર કામદાર પોતાના તથા પરિવારના ગુજરાન માટે કોઈપણ પ્રકારની આવક મેળવતા હોવાનું માનવાને કારણ રહે છે. તેવી જ રીતે એ વાત પણ સ્પષ્ટ છે કે જયારે કોઈ કામદારને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવે ત્યારે કામદારને ના કે ફકત પોતાના આર્થીક ઉપાર્જન આધારીત પોતાના અસ્તિત્વ માટે લડવાનું હોય છે પરંતુ પોતાને કામ પર પુન:સ્થાપિત કરવાની લડત પણ લડવાની હોય છે.

(૩૦)હવે સર્વસામાન્ય સીધ્ધાંત એવો છે કે જો કામ કરેલ ના હોય તો પગાર મળે નહી (No Work No Pay) એટલે કે કામદારે જે સમય માટે કામ કરેલ ન હોય તો તે સમય માટે નો પગાર મળે નહી પરંતુ જો કામદાર એવુ સાબીત કરી શકે કે તેના તરફે થી કોઈ કસુર ન હતો અને તેને નોકરી ઉપર જોડાવામાંથી રોકવામાં આવેલ તો તે સમયગાળાનો પગાર મેળવવા હકકદાર છે. હાલના કેસમાં પણ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હતા, તે સંજોગોમાં બીજા પક્ષકાર પગારની કામ મેળવવા હકકદાર થાય. પરંતુ સાથે સાથે બીજા પક્ષકારના કેસની હકીકતો ધ્યાને લઈ તથા બીજા પક્ષકાર છુટા કર્યા ત્યાર પછીના સમયગાળામાં પણ આવક મેળવતા હોય બીજા પક્ષકાર તેમને છુટા કર્યા ત્યારથી પુન:સ્થાપનના સમય સુધીનો પુરો પગાર મેળવવા હકકદાર નથી, પરંતુ તેનો નીર્ણય કરવાની અત્રેની કોર્ટ ને આઈ.ડી.એકટની જોગવાઈ મુજબ વિવેકાધિન સતા હોય ઉપરોકત રીતે કરવામાં આવેલ ચર્ચા તથા કેસના સંજોગો ધ્યાને લેતા બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છુટા કર્યા તા.**૨૧/૧૧/૨૦૧૪થી** પુન:સ્થાપન સુધીના સમયગાળાના છેલ્લા પગારના ૧૫ ટકા રકમ તથા સળંગ નોકરીથી પુન: સ્થાપન મેળવવા હકકદાર થાય તેવુ આ કોર્ટ નું નમ્રપણે માનવુ હોય અને તે રીતે મુદા નં. ૩ નો નિર્ણય અંશત: હકારમાં આપી, મુદા નં.૪ સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આ ખ રી હુ ક મ ::

૧. બીજા પક્ષકારનો રેફરન્સ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. બીજા પક્ષકાર શ્રી અચ્છેલાલ છેદી વિશ્વકર્માને તા. **૨૧/૧૧/૨૦૧૪** ના રોજ છુટા કરવાનુ પ્રથમ પક્ષકારનુ પગલુ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવી, બીજા પક્ષકારની નોકરી સળંગ ગણી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારએ છુટા કર્યા તા. **૨૧/૧૧/૨૦૧૪**થી બીજા પક્ષકારના પુન:સ્થાપન સુધીના સમયગાળાના પડેલ દિવસોના છેલ્લા પગારના ૧૫ ટકા લેખે રકમ આ હુકમ પ્રસિધ્ધ થયેથી દિવસ–૩૦ માં ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે. વધુમાં પ્રથમ પક્ષકારે હાલના એવોર્ડની પ્રસિધ્ધીથી દિવસ–૩૦માં બીજા પક્ષકારને તેની નોકરીની મૂળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા.

૩. આ કામના પ્રથમ પક્ષકારએ બીજા પક્ષકાર ને રેફરન્સ ખર્ચ પેટે રૂા.૫૦૦૦/–અલગથી ચુકવી આપવા તેઓ પણ હુકમ કરવામાં આવે છે.

સ્થળ:વલસાડ.
તા.૨૭/૦૧/૨૦૨૩

(એમ.એલ.ચોથાણી)
GJ01438
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત, વલસાડ.